GJRJ180011222024

Presented on : 31-12-2024
Registered on : 31-12-2024
Decided on : 18-07-2026
Duration : 1 year, 6 months,18 days

**મે. મજુર અદાલત,રાજકોટના પ્રિસાઈડીંગ ઓફિસર**
**શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ**

**રીકવરી(સી–ર) અરજી નંબર : ૯૪/ ૨૦૨૪**
**આંક :ર૯**

**અરજદાર :–** **શ્રી કૌશિકભાઈ વિનોદભાઈ વઘાસિયા**
**મું.**સુલતાનપુર,તા.ગોંડલ
જી.રાજકોટ.

**વિ રૂ દ્ધ**

**સામાવાળા :–** **પ્રમુખશ્રી,(ગોપાલભાઈ હરદાસભાઈ સીંગાળા)**
શ્રી સરદાર પટેલ સેવા સહકારી મંડળી લી.
મું.દેવળ,તા.ગોંડલ,જી.રાજકોટ

**હાજર રહયા :–** **અરજદાર તરફે :** વિ. વ. શ્રી જે.જે.યાદવ
**સામાવાળા તરફે :** વિ. વ. શ્રી ડી.એમ.પટેલ

**બાબત :–** આઈ.ડી એકટની કલમ–૩૩ સી(ર) અન્વયેની અરજી.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારે હાલની અરજી આઈ.ડી એકટની કલમ ૩૩(સી–ર) મુજબ કરેલ છે. અરજીની ટુંક હકીકત એવી છે કે,

અરજદાર સામાવાળા સંસ્થામાં તા. ૧૪/૦૭/૨૦૧૪ ના રોજ થી માસિક રૂા.૨૧,૦૦૦/–ના પગાર ખંત અને વફાદારી પૂર્વક ફરજ બજાવતા હતા. સામાવાળા અરજદાર પાસે તમામ પ્રકારની કામગીરી કરાવતા હતા. જેમાં એકાઉન્ટીંગ વર્ક, ખાતર વેચવાની કામગીરી, લોન આપવા અંગેની કામગીરી કલેકશન કરવું તેમજ જનરલ કામગીરી કરતા અને કામગરીનો સમય સવારના સાતથી પાંચ વાગ્યા સુધીનો રહેતો. સામાવાળાએ અરજદારને કયારેય પણ કોઈ જાતની કામગીરી બાબતે કોઈ મેમો આપેલ નથી. અરજદાર સામાવાળા સંસ્થામાંથી તા. ૧૮/૧૦/૨૦૨૩ ના રોજ રાજીનામું આપી મીનીટસ બુકના ઠરાવ મુજબ છુટા થયેલ હતા.

વધુમાં અરજદારે જણાવેલ છે કે, તેઓએ રાજીનામું આપ્યા બાદ કરેલ કામગીરીના ૧૮ દિવસના બાકી પગારનું ચુકવણું સામાવાળાએ કરેલ નથી. જે સામાવાળાની ગેરવર્તણૂક બંને છે. અરજદાર ઘરમાં એક જ કમાનાર વ્યકિત હોય બાકી પગાર મેળવવા અરજદારે અરજ કરેલ છે.

(૧.૧) અરજદારે દાદ માંગેલ છે કે, પરીશીષ્ટમાં દર્શાવ્યા મુજબના ઓકટોબર–૨૦૨૩ના પગારની રકમ રૂા.૧૪,૫૩૮/–સામાવાળા પાસે લ્હેણી નીકળતી હોવાનું અને અરજી ખર્ચ પેટે રૂા.૧ ૦,૦૦૦/–આપાવવા અરજ કરેલ છે.

(૨) આ કામના સામાવાળાઓને નામ.કોર્ટ દવારા ઈસ્યુ કરેલ નોટીસ આંક–૪ તથા આંક–૫ થી રજુ પોસ્ટની એકનોલેજમેન્ટ રસીદ મુજબ રજી.એ.ડી. મારફતે મળેલ છે. તેઓએ આંક–૭ થી વકીલ

મારફતે હાજર થઈ અરજદારની અરજી વિરુધ્ધ આંક–૮ થી લેખિત જવાબ રજૂ કરેલ છે.

(૨.૧) સામાવાળાએ તેમનાં લેખિત જવાબમાં જણાવેલ છે કે, અરજદાર જૂઠા છે અને તેઓએ ગુનાહિત વિશ્વાતઘાત કરેલ છે. અરજદારે પોતાના અંગત લાભ માટે સામાવાળા સાથે છેતરપિંડી કરેલ છે. મંડળીને વિશ્વાતઘાત અને છેતરપિંડીનો ગુનો કરવા બદલ અરજદાર સામે પોલીસ સમક્ષ એફ.આઈ.આર નો ગુનો નોંધવાની ફરજ પડેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર મંડળી પ્રત્યે નિષ્ઠાવાન, વફાદાર ન હતા. અરજદારે મંડળીની રકમનો ગેરઉપયોગ કર્યો છે. મંડળીના રજીસ્ટરમાં ફર્ટીલાઈજર, જંતુનાશક સ્પ્રે વગેરેનું વેચાણ રજીસ્ટરમાં નોંધ્યા વિના અરજદારે તેને અન્ય વ્યક્તિઓને છુપી રીતે વેચી દઈ મંડળીને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડેલ છે. અને પોતાના દ્રારા કરવામાં આવેલ ગેરકાયદેસર કૃત્યને છુપાવવા અને કાયદામાંથી છટકવા/બચવા માટે સ્વૈચ્છિક રાજીનામું આપેલ છે. મંડળીનો માલ બહારના લોકોને વહેંચવા જેવા કુત્યોને કારણે મંડળીના હિસાબ અને મંડળીના માલના સ્ટોક વચ્ચે મેળ ખાતો ન હતો. તેથી મંડળીનું લાયસન્સ તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કૃષિ નિયામક, ગુજરાત રાજ્ય ગાંધીનગરે તા.૦૨/૧૧ /૨૦૨૩ ના આદેશ દ્રારા મંડળીનું લાયસન્સ નવીકરણ કરવાનો આદેશ આપેલ અરજદારનું સ્વૈચ્છિક રાજીનામું મંડળી દ્રારા બિનશરતી સ્વીકારવામાં આવ્યું નથી પરંતુ અરજદારનું રાજીનામું શરતોને આધીન

સ્વીકારવામાં આવેલ જેમાં અરજદાર ગેરવર્તણૂંક માટે દોષિત ઠરે તો અરજદાર તેના દ્રારા કરવામાં આવેલ બધી અનિયમિતતાઓ માટે જવાબદાર રહેશે. તથા ઈન્કવારી પૂર્ણ ન થાય ત્યાં સુધી, અરજદારને કોઈ રકમ ચુકવવામાં આવશે નહીં તેવી શરતોને આધીન અરજદારનું સ્વૈચ્છિક રાજીનામું સ્વીકારવામાં આવેલ હતું. એ રીતે અરજદારે મંડળીમાં ગેરકાયદેસર કૃત્યો કરેલ હોવા છતાં ખોટી હકીકતો જણાવી ખોટી અરજી કરેલ છે. તેથી અરજદારની અરજી રદ થવાને પાત્ર છે.

(૩). સદર કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**– :: મૌખિક પુરાવો :: –**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | અરજદારશ્રી કૌશિકભાઈ વિનોદભાઈ વઘાસિયાનું સરતપાસનું સોગંદનામું | ૧૧ |

**– :: દસ્તાવેજી પુરાવો :: –**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક/માર્ક** |
|---|---|---|
| ૧ | અરજદારે એડવોકેટ દ્રારા સામાવાળાને મોકલેલ લીગલ નોટીસની નકલ | ૩/૧ |
| ૨ | સામાવાળા સંસ્થાનું તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજનું સ્ટોક પત્રક | ૧૦/૧ |

(૪) સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## – :: મૌખિક પુરાવો :: –

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સંસ્થાના પ્રમુખ ગોપાલભાઈ હરદાસભાઈ શિંગાળાની સરતપાસનું સોગંદનામું | ૧૬ |

## – :: દસ્તાવેજી પુરાવો :: –

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | સરદાર પટેલ સેવા સહકારી મંડળી લિમિટેડના લાયસન્સ સસ્પેન્ડ કરવાના નાયબ કૃષિ નિયામકના તા.૧૨/૦૭/૨૦૨૩ ના આદેશની નકલ | આંક–૨૧ |
| ૨ | સંસ્થાનું લાયસન્સ રિન્યુ કરવાનું કરેલ હુકમ તા.૦૨/૧૧/૨૦૨૩ | આંક–૨૨ |
| ૩ | નાયબ કૃષિ નિયામક રાજકોટએ મંડળીનું લાયસન્સ સ્થગિત કરવાનો કરેલ હુકમ રદ કર્યાનો ઓર્ડર તા.૦૩/૧૧/૨૦૨૩ | આંક–૨૩ |
| ૪ | અરજદારનું રાજીનામું તા.૨૧/૧૦/૨૦૨૩ | આંક–૨૪ |
| ૫ | અરજદારના રાજીનામામાં ગેરવર્તણૂંકની કબુલાતની નકલ | આંક–૨૫ |
| ૬ | સંસ્થાએ અરજદારનું રાજીનામું મંજૂર કર્યાનો ઠરાવ નં.૫ તા.૨૧/૧૦/૨૦૨૩ | આંક–૨૬ |
| ૭ | આર.ડી.સી. બેંક રાજકોટ Sr No.Ins/56/12526 date 07/11/2014 ના પત્રની નકલ | આંક–૨૭ |

(૫) ત્યારબાદ અરજદાર ના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી તેઓએ આંક–૧ ની અરજીની હકીકત મુજબ રજુઆત કરી જણાવેલ છે

કે, અરજદાર સામાવાળા સંસ્થામાં તા. ૧૪/૦૭/૨૦૧૪ ના રોજ થી માસિક રૂા.૨૧,૦૦૦/–ના પગારથી નોકરી કરતા હતા. જેમાં એકાઉન્ટીંગ વર્ક, ખાતર વેચવાની કામગીરી, લોન આપવા અંગેની કામગીરી, કલેકશન કરવું તેમજ જનરલ કામગીરી કરતા. સામાવાળાએ અરજદારને કયારેય પણ કોઈ જાતની કામગીરી બાબતે કોઈ મેમો આપેલ નથી. અરજદાર સામાવાળા સંસ્થામાંથી તા. ૧૮/૧૦/૨૦૨૩ ના રોજ રાજીનામું આપી મીનીટસ બુકના ઠરાવ મુજબ છુટા થયેલ હતા. તેઓએ રાજીનામું આપ્યા બાદ કરેલ કામગીરીના ૧૮ દિવસના બાકી પગારનું ચુકવણું સામાવાળાએ કરેલ નથી. જેથી અરજદારે હાલની અરજી કરેલી છે. અરજદારને પગાર ચુકવેલ નથી તેવી હકીકત સામાવાળાએ તેમની જુબાનીમાં કબૂલ કરેલ છે જેથી અરજદારની અરજીની હકીકત સાબીત થતી હોય અરજી ખર્ચ સહિંત મંજૂર કરવા જણાવેલ છે.

જયારે સામાવાળાના વિ.વ.શ્રીએ આંક–૨૮થી લેખિત દલીલો રજુ કરેલ છે જેમાં તેઓએ તેમના લેખિત જવાબમાં જણાવ્યા મુજબની રજુઆતો કરેલ છે. અરજદારે સંસ્થા સાથે છેતરપીંડી, વિશ્વાસઘાત અને ગેરવર્તણૂંક કરેલ છે અને તે કારણે સંસ્થાને નુકસાન થયેલ છે. અરજદારનું રાજીનામું બીનશરતી મંજૂર કરેલ નથી પરંતુ શરતોને આધિન મંજૂર કરેલ છે અને તે મુબજ અરજદાર સંસ્થા પાસેથી કોઈ રકમ મેળવવા હકકદાર થતાં નથી. અરજદારે જાતે ગુન્હાહિત ગેરવર્તણૂંકની કબૂલાત કરેલ હોય તેથી તેનાથી વિરુધ્ધની રજુઆત અરજદાર કરી શકે નહીં અને તે અંગે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૫ એસ્ટોપલનો બાધ નડે છે. તે રીતે અરજદાર અરજીમાં

માંગ્યા મુજબની રકમ મેળવવા હકકદાર થતાં ન હોય જેથી અરજદારની અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

(૬). ઉપરોકત વિગતે રજુ થયેલ પક્ષ નિવેદન, મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તેમજ દલીલો આધારે મારી સમક્ષ હાલના કેસમાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : : મુદ્દાઓ : : –**

(૧) આ કામમાં અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી પરીશીષ્ટમાં જણાવ્યા મુજબ ઓકટોબર– ૨૦૨૩ ના ૧૮ દિવસના બાકી પગારની રકમ રૂા.૧૪,૫૩૮/– તેમજ અરજી ખર્ચની રકમ રૂા.૧૦,૦૦૦/– મેળવવા કાયદેસર હકદાર બને છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) **અંશત:હકારમાં**

(૨) **આખરી હુકમ મુજબ.**

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના કારણો નીચે મુજબ છે.

**– : : કારણો : : –**

(૯) **મુદ્દા નં. ૧ અંગે જોઈએ તો :–**

(૯.૧) આ કામના અરજદારે હાલની આ અરજી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ– ૩૩ સી (૨) હેઠળ દાખલ કરેલ છે. સૌપ્રથમ આ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (૨) જોઈએ તો,

## ૩૩ સી માલિક પાસે લેણી રકમની વસુલાત

(૧) કોઈ પતાવટ અથવા ચુકાદા હેઠળ અથવા પ્રકરણ–૫–ક અથવા પ્રકરણ –૫–ખ ની જોગવાઈઓ હેઠળ કોઈ માલિક પાસે કોઈ કામદારની કોઈલેણી રકમ નિકળતી હોય ત્યારે તે કામદાર જાતે અથવા તેણે આ માટે લેખીત રીતે અધિકૃત કરેલી કોઈ બીજી વ્યકિત અથવા તે કામદાર મૃત્યુ પામ્યો હોય તો તેની એસાઈની અથવા તેના વારસો, વસુલાતની બીજી કોઈ પધ્ધતિને બાધ આવ્યા વગર, પોતાની લેણી રકમની વસુલાત માટે સમુચિત સરકારને અરજી કરી શકશે અને સમુચિત સરકારને ખાતરી થાય કે, કોઈ રકમ એ રીતે લેણી છે તો સરકારે તે રકમ માટેનું પ્રમાણપત્ર કલેકટર જોગ કાઢી આપશે અનેકલેકટરે તે રકમ જમીન મહેસુલની બાકી હોય તે રીતે વસુલ કરવાની કાર્યવાહી કરવી જોઈશે.પરંતુ એવી દરેક અરજી જે તારીખે કામદારની રકમ માલિક પાસે લેણી થાય તે તારીખથી એક વર્ષની અંદર કરવી જોઈશે.વધુમાં સમુચિત સરકારને ખાતરી થાય કે, અરજદારને સદરહું મુદતની અંદર અરજી ન કરવા માટે પુરતું કારણ હતું તો એક વર્ષની સદરહુ મુદત પુરી થયા પછી એવી અરજી સ્વીકારી શકાશે.

(૨) કોઈ કામદાર માલિક પાસેથી કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવા કોઈ લાભ મેળવવા હકકદાર હોય ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી

એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્નનો નિર્ણય સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તો મજુર કોર્ટે આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમને આધિન રહીને ત્રણ મહિના કરતા વધુ ન હોય તેટલી મુદતની અંદર કરી શકશે.પરંતુ મજુર કોર્ટના પ્રમુખ અધિકારી તેમ કરવું જરૂરી અને ઈષ્ટ ગણે ત્યારે તે લેખીત કારણોની નોંધ કરીને પોતે યોગ્ય ગણે તેટલી વધુ મુદત સુધી આવી મુદત લંબાવી શકશે.

(૩) કોઈ લાભનું નાણામાં મુલ્ય નકકી કરવા મજુર કોર્ટ પોતાને યોગ્ય લાગે તો કમિશ્નર નીમી શકશે, જેમણે જરૂરી હોય એવો પુરાવો લીધા પછી મજુર કોર્ટને રીપોર્ટ સાદર કરવો જોઈશે અને મજુર કોર્ટ કમિશ્નરનો રીપોર્ટ અને કેસના બીજા સંજોગોની વિગતોની વિચારણા કર્યા પછી તે રકમ નકકી કરવી જોઈએ.

(૪) મજુરકોર્ટે પોતાનો નિર્ણય સમુચિત સરકારને મોકલવો જોઈશે જે મજુર કોર્ટ લેણી ઠરાવેલી રકમ પેટા કલમ–૧ માં જોગવાઈ કરેલી રીતે વસુલ કરી શકશે.

(૫) એક જ માલિક હેઠળ કામે રાખેલા કામદારો તેની પાસેથી કઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય એવો લાભ મેળવવા હકકદાર હોય ત્યારે આ માટે કરવામાં આવે તે નિયમોને આધિન રહીને ગમે તેટલા કામદારો વતી

અથવા તેમના સંબંધમાં લેણી રકમ મેળવવા માટે એક જ અરજી કરી શકશે.

**(૯.૨)** આ કામના અરજદારે હાલની આ અરજી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (૨) હેઠળ દાખલ કરેલ છે. આ કલમમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, કોઈ કામદારની માલિક પાસે કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવી કોઈ રકમ મેળવવા હકકદાર થતાં હોય તેનો અર્થ એ થાય છે કે અરજદારને કોઈ લેણી રકમ કોઈ પતાવટ અથવા ચુકાદા હેઠળ મેળવવા પ્રસ્થાપિત હકક કે અધિકાર હોવો જોઈએ. જયાં સુધી આ રીતે કોઈ પ્રસ્થાપિત હકક કે અધિકાર સાબિત ન કરે તો તેઓને ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (૨) હેઠળ આવી અરજી કરવાનો હકક રહેતો નથી. ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ –૩૩ સી (૨) માં કોઈપણ કામદાર ત્યારે જ અરજી કરી શકે જયારે તેમની માંગણી મુજબની રકમ સંસ્થા પાસેથી લેણી રકમ મેળવવા કોઈ હકક પ્રસ્થાપિત હોય કે કોર્ટના હુકમ કે નિર્ણયથી પ્રાપ્ત થયેલ હોય. મજુર અદાલતને આ કલમ મુજબ એકઝીકયુટીંવ કોર્ટના હુકમની અમલવારી કરવાની સત્તા છે તેમજ હુકમ મુજબ રકમ નકકી ન હોય તો તે રકમ નકકી કરવાની સત્તા છે  પરંતુ કોઈ નવા હકક કે નવી તકરાર નકકી કરવાની સત્તા નથી. ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ –૩૩ સી (૨) માં કોઈપણ હુકમની અમલવારી કરવાની સત્તા છે. આ કલમ નીચે અરજી કરતાં પહેલાં તેમણે માંગ્યા મુજબની લેણી રકમ મેળવવા તેમણે પ્રસ્થાપિત હકક કે અધિકાર છે તે હકીકત અરજદારે નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ. આ પ્રસ્થાપિત હકક કે અધિકાર તેમણે હુકમ કે એવોર્ડ દ્વારા પ્રાપ્ત

થયેલ હોવો જોઈએ. મજુર અદાલતને ફકત દરખાસ્ત કરવાની તેમજ એવોર્ડ કે હુકમ મુજબની રકમની ગણતરી કરવાની સત્તા છે.

(૧૦) હાથ ઉપરના કેસમાં અરજદાર આ કામના સામાવાળાઓ પાસેથી અરજી સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ ઓકટોબર– ૨૦૨૩ ના ૧૮ દિવસના બાકી પગારની રકમ રૂા.૧૪,૫૩૮/– તેમજ અરજી ખર્ચની રકમ રૂા.૧૦,૦૦૦/– મેળવવા કાયદેસર હકદાર બને છે? તે હકિકત અરજદારે પુરવાર કરવાની રહે છે.

(૧૦.૧) આ કામે અરજદારે તેમની અરજીમાં એવું કથન કરેલ છે કે, અરજદાર સામાવાળાની સંસ્થામાં ઘણા લાંબા સમયથી તા.૧૪/૦૭/૨૦૧૪ ના રોજ થી માસિક રૂા.૨૧,૦૦૦/–ના પગારથી ખંત અને વફાદારી પૂર્વક ફરજ બજાવી રહયા હતા. સામાવાળા તમામ પ્રકારની કામગીરી કરાવતા હતા. અરજદાર સામાવાળા સંસ્થામાંથી તા.૧૮/૧૦/૨૦૨૩ ના રોજ રાજીનામું આપી મીનીટસ બુકના ઠરાવ મુજબ છુટા થયેલ હતા. અરજદારે રાજીનામું આપ્યા બાદ અરજદારે કરેલ કામગીરીના બાકી ૧૮ દિવસનો બાકી પગારનું ચુકવણું કરેલ નથી. જેથી આ અરજી કરેલ છે.

આ કામે અરજદારે આંક–૧ ની અરજીના સમર્થનમાં અરજદારશ્રી કૌશિકભાઈ વિનોદભાઈ વઘાસિયાનું **આંક–૧૧** થી સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે જેમાં તેઓએ આંક–૧ ની અરજીમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે. સામાવાળાના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટ તપાસમાં સોગંદ ઉપર તેઓએ કબુલ કરેલ છે કે,'' મંડળીનું લાઈસન્સ ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં

આવેલુ. તેમને નિ.૯/૫ બતાવતા તે પત્રમાં તેમની સહી છે. પરંતુ આ પત્ર પ્રમુખ લખાવી લાવેલા હતા અને તેમની પાસે સહી કરાવેલ છે. એ વાત ખરી નથી કે, તેમને મંડળીમાં આચરેલી નાણાકીય ઉચાપત અને ગેરરીતીથી બચવા તેઓએ સ્વૈચ્છીક રાજીનામું આપેલુ. એ વાત ખરી નથી કે તેમને મંડળી કોઈ રકમ ચુકવવા જવાબદાર નથી.'' તેમ અરજદારે કબૂલ કરેલ છે.

**(૧૦.૨)** સામાવાળાએ તેમનાં આંક–૮ના લેખિત જવાબના સમર્થનમાં સંસ્થાના પ્રમુખ ગોપાલભાઈ હરદાસભાઈ શિંગળાનું આંક–૧૬થી પુરાવાનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં તેઓએ આંક–૮ના લેખિત જવાબમાં જણાવ્યાં મુજબની હકીકતો જણાવેલ છે. અરજદારના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટ તપાસમાં સામાવાળાએ સોગંદ ઉપર કબુલ કરેલ છે કે,'' તેઓ સને–૨૦૦૯–૧૦થી સંસ્થાના પ્રમુખ તરીકે ફરજ બજાવે છે અરજદાર કૌશિકભાઈ તેમની સંસ્થામાં મંત્રી તરીકે કામ કરતાં હતાં. **સંસ્થા અરજદારને માસિક રૂા.૨૧,૦૦૦/– પગાર ચુકવતી હતી. અરજદાર તા.૧૮/૧૦/૨૦૨૩ના રોજ રાજીનામું આપી સંસ્થામાંથી છુટા થયેલ છે. અરજદારને ઓકટોબર મહિનાનાં ૧૮ દિવસનો પગાર ચુકવેલ નથી.** સંસ્થાના કર્મચારીને પગાર ચુકવવાની જવાબદારી તેમની છે. સંસ્થાએ જવાબમાં તથા સોગંદનામામાં કરેલા આક્ષેપો સબબ અરજદાર સામે કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી. **અરજદારનો ૧૮ દિવસનો બાકી પગાર આજ દિન સુધી ચુકવેલ નથી.**'' તેમ કબૂલ કરેલ છે.

(૧૧) રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો અરજદાર સામાવાળા સંસ્થામાં તા.૧૪/૦૭/૨૦૧૪થી માસિક રૂા.૨૧,૦૦૦/– ના પગારથી નોકરી કરતાં હતા અને તા.૧૮/૧૦/૨૦૨૩ના રોજ સ્વેચ્છાએ રાજીનામું આપી નોકરીમાંથી છુટા થયેલ તે સમયે ઓકટોબર મહિનાનો ૧૮ દિવસનો પગાર રૂા.૧૪,૫૩૮/– સામાવાળાએ ચુકવેલ ના હોય તે મેળવવા આ અરજી કરેલ છે. સામાવાળાએ આંક–૨૭થી રજુ કરેલ મંત્રીની નિમણુંકનો હુકમ ધ્યાને લેવામાં આવે તો અરજદારની સામાવાળા સંસ્થામાં મંત્રી તરીકે નિમણુંક કરેલ હોવાનું જણાય છે. સામાવાળાએ તેમનાં લેખિતમાં અને પુરાવાના સોગંદનામામાં મુખ્યત્વે એવી તકરાર લીધેલ છે કે, અરજદારે મંડળી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી મંડળીની રકમની ઉચાપત અને મંડળીનું ફર્ટીલાઈઝર, જંતુ નાશક સ્પ્રે વગેરેનું વેચાણ મંડળીના રજીસ્ટરમાં નોંધ્યા સિવાય ખાનગી રીતે અન્ય ત્રાહિતોને કરી મંડળીને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડેલ અને તે કારણે મંડળીનું લાયસન્સ તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજ સસ્પેન્ડ કરવામાં આવેલ અને અરજદારે તેનાં રાજીનામામાં કબૂલાત કરેલ હોય અરજદાર કોઈ રકમ મેળવવા હકકદાર થતાં નથી. અરજદારે નિ.૧૦/૧થી સંસ્થાનું તા.૨૭/૧૦/૨૦૨૩ના રોજનું સ્ટોકપત્રની નકલ રજુ કરેલ છે જેમાં તા.૨૭/૧૦/૨૦૨૩ના સ્ટોકપત્ર મુજબની વિગતો બરાબર હોવા બદલ અરજદાર તથા સામાવાળા સંસ્થાના અધિકારીએ સહી કરેલ છે. વધુંમા સામાવાળાએ આંક–૨૧થી આંક–૨૩ સુધીના રજુ કરેલ હુકમો

ધ્યાને લેતાં સંસ્થાનું લાયસન્સ રદ કરવામાં આવેલ અને ત્યારબાદ રજુઆતના આધારે તે લાયસન્સ રિન્યુ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારે આંક–૨૫ થી તા.૨૧/૧૦/૨૦૨૩ ના રોજ રાજીનામું આપેલ છે. જે રાજીનામું સંસ્થાએ આંક–૨૬ના તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવથી મંજૂર કરેલ છે. એ રીતે રેકર્ડ પર રજુ થયેલા પુરાવા ઉપરથી અરજદારે તા.૨૧/૧૦/૨૦૨૩ના રોજ રાજીનામું આપી નોકરીમાંથી છુટા થયેલ હોવાનું જણાય છે.

(૧૨) સામાવાળાના વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં **2011 (3) Supreme (sc) page no.621** The joint action Committee of Airlines pilots Associations of india & Ors-versus The Director General of Civil Aviation & Ors., તથા **2009 (7) Supreme (sc) page no.106** Grasim Industries Ltd. & Anr.-appellants versus Agarwal Steel-Respondent, તથા **2010 (7) Supreme (sc) page no.91** Mumbai Internationl Airport Pvt.Ltd. -appellants versus M/s Golden Chariot Airport & Anr. -Respondent, ના ચુકાદાઓ રજુ કરેલ છે જે તમામ ચુકાદાઓ માનસહ વંચાણે લીધેલ છે.

સામાવાળાના વિ.વ.શ્રીએ ઉપરોકત ચુકાદાઓ પર આધાર રાખી એવી રજુઆત કરેલ છે કે, અરજદારે સંસ્થામાં કરેલ ગેરરીતીની તેમનાં રાજીનામામાં કબૂલાત કરેલ હોય અરજદાર તેનાંથી વિરુધ્ધની હકીકત જણાવી શકે નહી અને તે અંગે તેઓને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૫ મુજબ એસ્ટોપલના સિધ્ધાંતનો બાધ

નડે છે. હકીકતોમાં અરજદારે હાલની અરજી આઈ.ડી.એકટની કલમ ૩૩(સી)(૨) મુજબ ઓકટોબર મહિનાના ૧૮ દિવસના બાકી પગારની રકમ મેળવવા માટે કરેલી છે અને આ પગારની ચુકવવાની જવાબદારી સંસ્થાની છે અને સંસ્થાના સાહેદે તેમની ઉલટ તપાસમાં અરજદારને ૧૮ દિવસનો પગાર ચુકવેલ નહીં હોવાનું કબૂલ કરેલ છે અને વધુમાં અરજદાર સામે જે આક્ષેપો કરેલા છે તે આક્ષેપો બાબતે સંસ્થાએ અરજદાર વિરુધ્ધ કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી અને અરજદાર રાજીનામું આપી છુટા થયેલા છે તેસંજોગોમાં સામાવાળાએ રજુ કરેલા ચુકાદાઓના કેસની હકીકત હાલના કેસની હકીકતથી ભિન્ન હોય તે ચુકાદાઓ સામાવાળાને મદદરૂપ થતાં નથી તેમ આ અદાલતનું માનવું છે.

**(૧૩)** આમ, રેકર્ડ પર રજુ થયેલા પુરાવા ઉપરથી અરજદાર સામાવાળા સંસ્થમાં માસિક રૂા.૨૧,૦૦૦/– ના પગારથી નોકરીની ફરજ બજાવતાં હતા. અને તા.૧૮/૧૦/૨૦૨૩ના રોજ રાજીનામું આપી નોકરીમાંથી છુટા થયેલા છે અને સંસ્થાએ તે રાજીનામું મંજૂર કરેલું છે. વધુમાં અરજદારનું ૧૮ દિવસનો પગાર બાકી નીકળતો હોવાની હકીકતને અરજદારની જુબાનીથી સમર્થન મળેલ છે વધુમાં સામાવાળાના સંસ્થાના પ્રમુખે આંક–૧૬ની ઉલટતપાસમાં અરજદાર કૌશિકભાઈ તેમની સંસ્થામાં મંત્રી તરીકે કામ કરતાં હતાં. **સંસ્થા અરજદારને માસિક રૂા.૨૧,૦૦૦/– પગાર ચુકવતી હતી. અરજદાર તા.૧૮/૧૦/૨૦૨૩ના રોજ રાજીનામું આપી સંસ્થામાંથી છુટા થયેલ છે. અરજદારને ઓકટોબર મહિનાનાં ૧૮ દિવસનો પગાર ચુકવેલ નથી.** સંસ્થાએ જવાબમાં તથા સોગંદનામામાં કરેલા

આક્ષેપો સબબ અરજદાર સામે કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી. **અરજદારનો ૧૮ દિવસનો બાકી પગાર આજ દિન સુધી ચુકવેલ નથી.**'' તેમ કબૂલ કરેલ છે. એ રીતે સામાવાળાના સાહેદની જુબાનીથી પણ અરજદારનો ઓકટોબર માસનો ૧૮ દિવસનો પગાર બાકી હોવાનું અને તે પગાર સામાવાળાએ અરજદારને આજદિન સુધી ચુકવેલ નહીં હોવાનું સાબીત થાય છે વધુમાં પગારની રકમ મેળવવાનું અરજદારના પ્રી–એકઝીસ્ટીંગ રાઈટ છે અને બાકી પગારની રકમ ચુકવવાની સામાવાળા સંસ્થાની જવાબદારી છે. હાલના કેસમાં ઓકટોબર ૨૦૨૩ના માસનો ૧૮ દિવસનો પગાર બાકી નીકળતો હોવાની હકીકત અરજદાર તથા સામાવાળાની જુબાનીથી સાબીત થયેલ છે જેથી અરજદાર અરજી સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ ઓકટોબર ૨૦૨૩ના માસના ૧૮ દિવસની બાકી પગારની લેણી **રકમ રૂા.૧૪,૫૩૮/– (અંકે રૂા. ચૌદ હાજર પાંચસો આડત્રીસ પુરા)** સામાવાળા સંસ્થા પાસેથી કાયદેસર મેળવવા હકકદાર બને છે તેમ ઠરાવવામાં આવે છે.

**(૧૪)** અરજદારે આંક–૧ની અરજીમાં હાલની અરજીના ખર્ચની રકમ રૂા.૧૦,૦૦૦/–ની માંગણી કરેલી છે પરંતુ હાલના કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતાં અરજદાર આવી ખર્ચની કોઈ રકમ મેળવવા હકકદાર થતાં નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદાર અરજી સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ ઓકટોબર ૨૦૨૩ના માસના ૧૮ દિવસની બાકી પગારની લેણી **રકમ રૂા.૧૪,૫૩૮/– (અંકે રૂા. ચૌદ હાજર પાંચસો આડત્રીસ પુરા)** સામાવાળા સંસ્થા પાસેથી કાયદેસર મેળવવા હકકદાર થતાં હોય **મુદા નંબર –૧** નો

જવાબ **હકારમાં** ઠરાવી **મુદા નં.ર** અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) **અરજદાર કૌશિકભાઈ વિનોદભાઈ વઘાસીયાની** રીકવરી(સી)(ર) અરજી **નં.૯૪/૨૦૨૪** અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર અરજી સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ ઓકટોબર ર૦ર૩ના માસના ૧૮ દિવસની બાકી પગારની લેણી **રકમ રૂા.૧૪,૫૩૮/– (અંકે રૂા. ચૌદ હાજર પાંચસો આડત્રીસ પુરા)** સામાવાળા સંસ્થા પાસેથી કાયદેસર મેળવવા હકકદાર બને છે તેમ ઠરાવવામાં આવે છે.

(૩) સામાવાળાએ આ હુકમ મુજબની લેણી રકમ અરજદારને હુકમની તારીખથી દિવસ–૩૦ માં ચુકવી આપવી.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સદર હુકમ આજરોજ તા.૧૮મી, માહે: જુલાઈ સને: ૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૮/૦૭/૨૦૨૬** **(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**

**સ્થળ : રાજકોટ.** **પ્રિસાઈડીંગ ઓફીસર,**

**લેબર કોર્ટ, રાજકોટ.**

**જજ કોડ: જીજે૦૧૦૩૧**

**VDJ(P.A.)**